# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 06-02-2025 DAY: THURSDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર <u>વિરલ રાણા</u> વાંચે છે.

---

## PM - પરીક્ષા પે ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 10 ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ વખતે ફિલ્મ અભિનેત્રી દીપિકા પાદુકોણ, ભૂમિ પેંડણેકર, અભિનેતા વિક્રાન્ત મેસ્સી અને રમતગમત ક્ષેત્રના અનેક અગ્રણીઓ પણ પ્રધાનમંત્રી સાથે મળીને વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપશે.

ઉલ્લેખનીય છે કે, પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ પરીક્ષા સંબંધિત તણાવને શીખવાના ઉત્સવમાં બદલવાની આ પહેલ વર્ષ 2018માં શરૂ થઈ હતી. આ વર્ષે પરીક્ષા પે ચર્ચાની આઠમી આવૃત્તિ માટે દેશભરમાંથી 3 કરોડ 56 લાખ જેટલા લોકોએ નોંધણી કરાવી છે.

-----------------------------------------------------------------------------------------

## મિશન મેન્ગૃવ્ઝ –કચ્છ ચેઅર વાવેતર

મિશન મેન્ગૃવ્ઝ અંતર્ગત સમ્રગ દેશના દરિયાઈ વિસ્તારમાં ચેરનું વાવેતર સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ નોંધાયું છે. કચ્છની દરિયાઈ પટીમાં છેલ્લા બેં વર્ષ માં ૬ હજાર હેક્ટરમાં સૌથી વધુ ચેરનું વાવેતર સાથે કચ્છ રાજ્યમાં અને મિશનના સ્તરે પણ પ્રથમ સ્થાને છે.

મિશન મેન્ગૃવ્ઝ હેઠળ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં 19,520 હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવ્યું છે નોંધાયું છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2023માં 6930 હેક્ટરમાં ચેરનું વાવેતર થયું હતું, રાજ્યમાં 1600 કિમી લાંબો દરિયાકિનારો ધરાવે છે. ત્યારે આ દરિયા કિનારે ભરતીનાં મોજાં સામે રક્ષણ કુદરતી રીતે થાય તે માટે ચેર મહત્ત્વ ધરાવે છે. ચેરની ખેતી હજુ પણ વધુ થાય તે માટેનું આયોજન વનવિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યુ છે. અને તે મુજબ આગામી વર્ષે 22 હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ચેરનું વાવેતર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

---

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓ તારીખ ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે તે પૂર્વે ધો. ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની પ્રાયોગીક પરીક્ષાઓ આજથી શરૂ થઈ છે. કચ્છ જિલ્લામાં આ વર્ષે ૧૯૨૫ છાત્રો ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનમાં બોર્ડ પરીક્ષા આપવાના છે. લેખિત પરીક્ષાઓ પૂર્વે આજે પ્રેકટીકલ પરીક્ષાઓનો પ્રારંભ થયો છે.

---

## ભુજ - મહિલા સરપંચ કાર્યશાળા

ભુજ ખાતે એક દિવસીય મહિલા સરપંચ કાર્યશાળા યોજાઈ હતો, જેમાં વિવિધ તાલુકાઓમાંથી મહિલા સરપંચોએ ભાગ લીધો હતો. વર્કશોપનો મુખ્ય હેતુ નેતૃત્વ વિકાસને પ્રોત્સાહન આપવાનો અને પડકારો પર ચર્ચા કરવાનો હતો આ કાર્યશાળા માં મહારાષ્ટ્ર પ્રેરણા પ્રવાસ પર ગયેલી ૧૦ મહિલા સરપંચોએ પોતાનો અનુભવો રજુ કર્યા હતા.તેમજ જિલ્લા સ્તરે મહિલા સરપંચ સંગઠન ઊભું કરવાનો સંકલ્પ કરાયો હતો.

---

## અંજાર રતનાલ ITI બેટી બચાવો બેટી પઢાઓ:

"બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા અંજાર તાલુકાના રતનાલ ગામની ITI ઇન્સ્ટીટયુટ ખાતે જાતીય સંવેદના જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત મહિલા અભયમ હેલ્પલાઇન ૧૮૧ તેમજ ચાઈલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ વિશેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત વિવિધ મહિલાલક્ષી યોજનાઓની તેમજ કાયદાઓની માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ITIમાં ચાલતા વિવિધ ટ્રેડ જેવા કે, શિવણ, કોપા, ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, કોમ્પ્યુટર સહિતના કોર્ષના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ભાગ લીધો હતો.

---

## પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજ - વિશ્વ કઠોળ દિવસ ની ઉજવણી

પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજ દ્વારા આગામી તારીખ ૭મી ફેબ્રુઆરી રવિવાર ના વિશ્વ કઠોળ દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે કઠોળ માંથી બનતી વાનગીઓ ની સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજેતાને ને ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવશે.

---

**અકસ્માત :**

ભુજ-ભચાઉ હાઈવે પર આજે વહેલી સવારે  ધાણેટી ગામ પાસે કાર અને ટ્રક ટ્રેલર વચ્ચે થયેલા અકસ્માત માં અમદાવાદના એક  વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને વાહનમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. 108 એમ્બ્યુલન્સની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઇજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી હતી. ધાણેટી પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

પોલીસે અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

---

**ક્રિકેટ :**

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની 1 દિવસીય  ક્રિકેટ શ્રેણીની પહેલી મેચમાં ભારતને જીતવા માટે 249 રનનો ટાર્ગેટ આપ્યો છે. નાગપુરના વિદર્ભ ક્રિકેટ સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડની ટીમ 47.4 ઓવરમાં 248 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત તરફથી શુભમન ગિલ અને શ્રેયસ અય્યર ક્રિઝ પર છે. ઇંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચરે પહેલી વિકેટ લીધી હતી. તેણે યશસ્વી જયસ્વાલને આઉટ કર્યો. કેપ્ટન રોહિત શર્મા 2 રન બનાવીને સાકિબ મહમૂદની બોલિંગમાં કેચ આઉટ થયો.

---